ભારત સરકારના જાહેરનામા અનુસાર ટ્રાન્સપોર્ટ વાહનોનું G.V.W. માં સુધારો કરવા બાબત.

વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરી,બ્લોક નંબર-૬ ૨/૩ માળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર, ગુજરાત રાજય,
ક્રમાંક:એમવીએ/G.V.W. સુધારો/ઓન/ 5293
તા. /૦૮/૨૦૧૮. 27 AUG 2018

## પરિપત્ર

વંચાણે લીધા:-

(૧) ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઇવેઝ નવી દિલ્હીના તા.૧૮/૦૭/૨૦૧૮ ની માર્ગદર્શીકા નં.આરટી૧૧૦૨૮/૧૧/૨૦૧૭/એમવીએલ.

(૨) ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઇવેઝ નવી દિલ્હીના તા.૦૬/૦૮/૨૦૧૮ ના કાર્યાલય આદેશ નં.૩૮૮૧(અ).

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક/ G.V.W. વધારવા/ઓન/૪૯૭૯, તા.૦૩/૦૮/૨૦૧૮.

આમુખ:-

ભારત સરકારના વંચાણે લીધા ૧ અને ૨ ના જાહેરનામાઓ તથા મોટર વ્હીકલ એક્ટ, ૧૯૮૮ ની કલમ ૫૮(૧) (૨) અને મોટર વ્હીકલ એક્ટ, ૧૯૮૮ ની કલમ ૧૧૩ (૩) (બી) લક્ષમાં લઈને ગુડ્ઝ વાહનોના રજીસ્ટ્રેશન સર્ટીફીકેટમાં G.V.W. સુધારવા માટે નીચે પ્રમાણે સૂચના આપવામાં આવે છે.

(૧) આજની તારીખ સુધીમાં રજીસ્ટર્ડ થયેલ અને ભવિષ્યમાં રજીસ્ટર્ડ થનાર વાહનોમાં ભારત સરકારના તા.૧૬/૦૭/૨૦૧૮ ના જાહેરનામાં તથા તા.૦૬/૦૮/૨૦૧૮ ના સુધારા મુજબ G.V.W. ની નોંધ વાહનના રજીસ્ટ્રેશન રેકર્ડ(ફોર્મ-૨૪ મા કરવા) તથા VAHAN 4.0 માં સુવિધા ઉપલબ્ધ થાય ત્યારે R.C.Book માં કરવા વાહન માલિક તરફથી ઓરીજીનલ R.C. તથા અરજી રજુ થયેથી G.V.W. રીવાઇઝ કરવા રજીસ્ટ્રીંગ ઓથોરીટીને સૂચના આપવામાં આવે છે.

(૨) જે વાહનમાં G.V.W. રીવાઇઝ કરવાનું થાય તેમાં મોટર વાહન વેરો, ઇન્સ્યુરન્સ, ફીટનેશ, PUC વેલીડ હોવા જોઈએ તો જ G.V.W. રીવાઇઝ કરી શકાય.

(૩) G.V.W. રીવાઇઝ કરવા માટે વાહન માલિક તરફથી પરિશિષ્ટ-૧ ના નમૂનામાં અરજી મેળવવાની રહેશે તથા નીયત ફી આપી અરજી મળ્યેથી શાખા તરફથી પરિશિષ્ટ-૨ ના નમૂનામા જરૂરી નોંધ રજીસ્ટ્રીંગ ઓથોરીટી સમક્ષ રજુ કરવાની રહેશે. આવી નોંધ રજુ થયેથી રજીસ્ટ્રીંગ ઓથોરીટી દ્વારા G.V.W. સુધારી રજીસ્ટ્રેશન રેકર્ડ ફોર્મ-૨૪ માં નોંધ કરવાની રહેશે. આ નોંધ કર્યા બાદ રજીસ્ટ્રેશન રેકર્ડની નકલ (ફોર્મ-૨૪) ની નકલ વાહન માલિકને આપવાની રહેશે. આ ફોર્મ પર રજીસ્ટ્રીંગ ઓર્થોરીટીનો રાઉન્ડ સીલ મારવાના રહેશે તથા ફોર્મ-૨૪ ના પાછળના ભાગે પરિશિષ્ટ-૩ માં દર્શાવેલા નમૂનામા સીક્કો બનાવી લગાવવાનો રહેશે. આ નમૂનામાં આઉટવર્ડ નંબર દર્શાવવાનો રહેશે. જેનું અલગથી રજીસ્ટર નીભાવવાનું રહેશે.

(૪) કોઈ વાહન માલિક સ્વેચ્છાએ પોતાની આરસીબુકમાં પણ G.V.W. સુધારવાનો વિકલ્પ સ્વીકારે તો તેમણે હાલના તબક્કે VAHAN 4.0 માં અલ્ટ્રેશનની પ્રકિયા અનુસરવાની રહેશે અને તે માટેની નિયત ફી ભરવાની રહેશે. આ કિસ્સામાં પણ કચેરી દ્વારા પરિશિષ્ટ-૧માં દર્શાવેલા નમૂનામાં અરજી લઈ પરિશિષ્ટ-૨ ના નમૂનામાં નોંધ મુકી પ્રકિયા કરવાની રહેશે અને સુધારેલા G.V.W. બાબતે રજીસ્ટર પણ નિભાવવાનું રહેશે. આ કિસ્સામાં પ્રમણપત્ર ફોર્મ-૨૪ આપવાની જરૂર નથી. પરંતુ કોઈ વાહન માલિક ફકરા નં-૩ પ્રમાણેનું પ્રમાણપત્ર પણ માંગે તો તેને નિયત ફી લઈને પ્રમાણપત્ર પણ આપી શકાશે.

(૫) ઉકત બન્ને કિસ્સામાં રજીસ્ટ્રેશન રેકર્ડમાં G.V.W. નો તથા સેફએક્ષલ વેઇટનો સુધારો કરવાનો થાય છે તેથી G.V.W. માં વધારો થતા જુના G.V.W. પ્રમાણે ભરપાઈ થયેલા મોટર વાહન વેરા ઉપરાંત G.V.W. સુધર્યાથી સુધારેલા G.V.W. પ્રમાણેના મોટર વાહન વેરાની ગણતરી કરી તફાવતનો વેરો ભરપાઈ કરવાનો રહેશે.

(૬) જે ટ્રાન્સપોર્ટ વાહનમાં ટાઇપ એપ્રુવલના સ્તરે તા.૧૬/૦૭/૨૦૧૮ અને તા.૦૬/૦૮/૨૦૧૮ ના નોટીફિકેશન પ્રમાણે G.V.W. નો ઉલ્લેખ થયો ના હોય તેવા નવા વાહનના વેચાણ વખતે ડીલરે સેલ લેટરમાં નીચે પ્રમાણે નોંધ કરવાની રહેશે.

**(Note: Originally G.V.W. of this vehicle is notified by manufacture is _________ kgs but as per the Notifications of Govt. Of India dated.16/07/2018 & dated.06/08/2018________Kgs G.V.W. is require to be considered (sign & seal of authorized dealer)**

(૭) તા.૧૬/૦૭/૨૦૧૮ અને તા.૦૬/૦૮/૨૦૧૮ ના જાહેરનામાંથી ઠરાવામાં આવેલા મેક્ષીમમ સેલ્ફ વ્હીકલ વેઇટ અને G.V.W. ના આધારે આપોઆપ કોઈ પણ ટ્રાન્સપોર્ટ વાહનોનું G.V.W. વધી જતું નથી. કોઈ પણ ટ્રાન્સપોટ વાહનમાં તેની આરસીબુકમાં નોંધાયેલ G.V.W. જ માન્ય ગણવાનું હોય છે. તા.૧૬/૦૭/૨૦૧૮ તથા તા.૦૬/૦૮/૨૦૧૮ ના નોટીફિકેશનનાં આધારે ટ્રાન્સપોર્ટ વાહનની R.C.Book માં રીવાઇઝ G.V.W. નોંધાયુ હોય તે સિવાય ભારત સરકારના નોટીફિકેશન પ્રમાણેનું

G.V.W. માન્ય ગણી શકાશે નહી. "ભારત સરકારના તા.૧૬/૦૭/૨૦૧૮ તથા તા.૦૬/૦૮/૨૦૧૮ ના જાહેરનામાં મુજબ R.C.Book માં G.V.W. રીવાઇઝ કરાવેલ નહી હોય તો તેવા વાહનની R.C.Book માં જે G.V.W. નો ઉલ્લેખ થયેલ હોય તે G.V.W. જ ધ્યાને લેવામાં આવશે." તેવી સૂચનાઓ ચેકપોસ્ટ પર જાહેરમાં લગાવવી.

બિડાણ:-

(૧) ભારત સરકારનું તા.૧૬/૦૭/૨૦૧૮ નું જાહેરનામુ.

(૨) ભારત સરકારનું તા.૦૬/૦૮/૨૦૧૮ નું જાહેરનામુ.

(૩) G.V.W. સુધાર્યા પછી ઇસ્યુ કરેલ પ્રમાણપત્રનો નમૂનો.

(૪) વહીવટી નોંધ મુકવાનો નમૂનો.

(૫) **G.V.W.** સુધાર્યા પછી ઇસ્યુ કરેલ પ્રમાણપત્રનો નમૂનો.

(૬) **G.V.W.** સુધાર્યા અંગેનું ટેબલ.

વાહન વ્યવહાર કમિશ્નર,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

પ્રતિ,

(૧) નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગરને જાણ સારૂ.

(૨) ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ, ગુજરાત રાજ્ય ગાંધીનગરને જાણ સારૂ.

(૩) તમામ સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીઓને અમલ કરવા જાણ સારૂ.

(૪) તમામ આરટીઓ ચેકપોસ્ટને અમલ કરવા જાણ સારૂ.

# અરજીનો નમૂનો

અરજદારનુ નામ

અંરજદારનું સરનામું

તા.

પ્રતિ,

સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,

વિષય: મો.વા.નં.____________________ ના GVW માં સુધારો કરવા બાબત.

અનુ. (૧) ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઇવેઝ નવી દિલ્હીનાતા.૦૬/૦૮/૨૦૧૮ ના કાર્યાલય આદેશ નં.૩૮૮૧(અ).

(૨) વાહન વ્યવહાર કમિશ્નર કચેરીના પરિપત્ર ક્રમાંક.એમવીએ/G.V.W.સુધારો/ઓન/ તા. /૦૮/૨૦૧૮.

મે.સાહેબશ્રી,

ઉપરોક્ત વિષયે તેમજ અનુસંધાને આપ સાહેબને જણાવવાનું કે હું ઉપર દર્શાવેલ મો.વા.નં. __________ નો રજીસ્ટર્ડ માલિક છું.

અનુસંધાન (૧) અને (૨) મુજબ GVW માં સુધારા કરવા અરજ કરૂ છું.

મારા સદરહું વાહનની વિગતો નીચે મુજબ છે.

સદરહું વાહનનું માલ સાથેનું કુલ વજન _______________Kg.

સદરહું વાહનનુઅં ફિટનેશ તા. _______________ સુધી અમલી છે.

સદરહું વાહનનું પી.યુ.સી. તા. _______________ સુધી અમલી છે.

સદરહું વાહનનું પરમીટ તા. _______________સુધી અમલી છે.

પરમીટ નં.( / / )

સદરહું વાહનનો વીમો તા. _______________સુધી અમલી છે.

મોટર વાહનનો વેરો તા._______________થી તા._______________ સુધી અમલી છે.

ઉપરોક્ત વિગતો વંચાણે લઈ વાહન નં. _______________ માં G.V.W. તથા સેફએક્ષલ વેઇટ સુધારી G.V.W. _______________ Kg. થી વધારી _______________ Kg. કરી આપી તેની VAHAN 4.0 દ્વારા રજીસ્ટ્રેશન રેકર્ડ (ફોર્મ-૨૪) માં સુધારો કરી, આ ફોર્મ-૨૪ પ્રમાણિત કરી તેની નકલ આપવા વિનંતી છે. જેની ફી રૂ.૨૦૦/- સામેલ છે.

<u>વિકલ્પે</u>

રજીસ્ટ્રેશન રેકર્ડમાં G.V.W. સુધારી, આરસીબુકમાં G.V.W. માં ફેરફાર (સુધારો કરી) સુધારા સાથેની આરસીબુક આપવા વિનંતી છે. આ હેતું માટે અલ્ટ્રેશનની પ્રક્રિયા અંગેની ફી રૂ._______________આ સાથે સામેલ છે.

વાહન માલિકની સહી.

સાદર રજુઆત:

નીચે જણાવેલ નોટીફિકેશન અન્વયે GVW માં વધારો મંજુર કરવા બાબતે મોટર વાહન નંબર____________________ના માલિકની અરજી વંચાણે લેવા વિંનતી છે. આ વાહનનું GVW તેની આરસીબુકમાં ____________________Kgs નોંધાયુ છે.

(૧) ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઇવેઝ નવી દિલ્હીના તા.૧૬/૦૭/૨૦૧૮ ના જાહેરનામા નં.આરટી૧૧૦૨૮/૧૧/૨૦૧૭/એમવીએલ.

(૨) ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઇવેઝ નવી દિલ્હીના તા.૦૬/૦૮/૨૦૧૮ ના જાહેરનામાં નં.૩૮૮૧(અ).

(3) વાહન વ્યવહાર કમિશ્નર કચેરીના પરિપત્ર ક્રમાંક.એમવીએ/G.V.W.સુધારો/ઓન/ ,
તા. /૦૮/૨૦૧૮.

સદરહું વાહનનુ G.V.W. અગાઉ ______________ Kg હતું. નવા નોટીફિકેશન પ્રમાણે ______________ Kg થાય છે આ વાહનનો કર તા. ________________સુધી ભરાયેલ છે. વધુમાં રેકર્ડ ચકાસતા માલુમ પડેલ છે કે,

સદરહું વાહનનું ફિટનેશ તા. ____________________ સુધી અમલી છે.

સદરહું વાહનનું પી.યુ.સી. તા. ____________________સુધી અમલી છે.

સદરહું વાહનનું પરમીટ તા. ____________________સુધી અમલી છે.

સદરહું વાહનનો વીમો તા.__________________સુધી અમલી છે. જુની આરસીબુક આ સાથે રજુ કરેલ છે.

સદરહું વાહનનો બોમ્બે વાહન કર તા. ______________ થી તા. ______________સુધી ભરાયેલ છે.

G.V.W. માં સુધારો થતા રૂ. ______________ તફાવતનો કર ભરવાપાત્ર થાય છે. જે વસુલ કરી કચેરી રેકર્ડમાં G.V.W. તથા સેફ એક્સલ વેઇટમાં સુધારો કરી તેનું સર્ટીફિકેટ અરજદારને આપીએ

અથવા

વાહન માલિકની વિનંતી પ્રમાણે અલ્ટ્રેશનની પ્રક્રિયા અનુસરી આરસીબુક માં G.V.W. સુધારી નવી આરસીબુક ઇસ્યુ કરીએ.

.જુ.કા. સી.કા.શ્રી. વ.કા.શ્રી. આરટીઓ/એઆરટીઓ

# Certificate

**This is to certify that MV No. ________________ having Original G.V.W. ________________ Kgs. As per Notification No.RT11028/11/2017-MVL dated.18/07/2018 of Ministry of Road Transport & Highways, New Delhi and revised notification No. S.O.388 (E) dated.06/08/2018 revised GVW of this vehicle is here by revised and reconsidering the registration record of registering authority. Since some time is require to record revised GVW in registration certificate the checking authorities are here by requested to consider this certificate as registration certificate.**

**MV.NO______________/GVW/Excess/On/_________**

**Assistant/Regional Transport Office**

______________________________

**Date.______________**

**(Registering Authority)**

**Sign/seal**

**To,**

________________

________________

________________

# Revised Safe Axle Load Limits for Transport Vehicles

| Sr. No. | Type of Vehicle | Axle Combination on Tractor | Axle Combination on Trailor | No. of Axles | Single Axles | Tandem Axle | Dual Axles | Tridem Axle | Permissible GVW (Tone) | Remarks |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Two Axle Rigid Truck | Two Tyres on front axle and four tyres on rear axle | --- | 2 | 1 | 0 | 1 | 0 | 18.5 | |
| 2 | Three Axle Rigid Truck | Two tyres on front axle and eight tyres on rear tandem (two) axle | --- | 3 | 1 | 1 | 0 | 0 | 28 | |
| 3 | Four Axle Rigid Truck | Two tyres each on two axles and eight tyres on one tandem (two) axle | --- | 4 | 2 | 1 | 0 | 0 | 35 | |
| 4 | Five Axle Rigid Truck | Two tyres each on three axles and eight tyres on one tandem (two) axle | --- | 5 | 3 | 1 | 0 | 0 | 42 | |
| 5 | Five Axle Rigid Truck | Two tyres each on two axles, four tyres on one axle and eight tyres on one tandem (two) axle | --- | 5 | 2 | 1 | 1 | 0 | 46.5 | |
| 6 | Six Axle Rigid Truck | Two tyres each on four axles and eight tyres on one tandem (two) axle | --- | 6 | 4 | 1 | 0 | 0 | 47 | |
| 7 | Tractor-Semi articulated trailers | Two Tyres on front axle and four tyres on rear axle | Four Tyres Single Axle | 3 | 1 | 0 | 2 | 0 | 30 | |
| 8 | Tractor - Semi Articulated trailers | Two tyres on front axles and four tyres on rear axle | Eight tyres on tandem (two) axle | 4 | 1 | 1 | 1 | 0 | 39.5 | |
| 9 | Tractors - Semi articulated trailers | Two Tyres on front axle and four tyres on rear axle | Twelve tyres on a tandem (three) axle | 5 | 1 | 0 | 1 | 1 | 45.5 | |
| 10 | Tractor-Semi Articulated Trailers | Two tyres on front axle and eight tyres on rear tandem (two) axle | Four Tyres on Single Axle | 4 | 1 | 1 | 1 | 0 | 39.5 | |
| 11 | Tractor-Semi articulated trailers | Two tyres on front axle and eight tyres on rear tandem (two) axle | Eight tyres on tandem (two) axle | 5 | 1 | 2 | 0 | 0 | 49 | |
| 12 | Tractor-Semi articulated trailers | Two tyres on front axle and eight tyres on rear tandem (two) axle | Twelve tyres on a tandem (three) axle | 6 | 1 | 1 | 0 | 1 | 54.5 | |
| 13 | Tractor Trailer | Two Tyres on front axle and four tyres on rear axle | Eight tyres on two axles | 4 | 1 | 0 | 3 | 0 | 41.5 | |
| 14 | Tractor Trailer | Two tyres on front axle and eight tyres on rear tandem (two) | Eight tyres on two axles | 5 | 1 | 1 | 2 | 0 | 51 | |
| 15 | Tractor Trailer | Two Tyres on front axle and four tyres on rear axle | Four tyres on singel axle and Eight tyres on tandem (two) axle | 5 | 1 | 1 | 2 | 0 | 51 | |
| 16 | Tractor Trailer | Two tyres on fron axle and eight tyres on rear tandem (two) axle | Four tyres on singel axle and Eight tyres on tandem (two) axle | 6 | 1 | 2 | 1 | 0 | 54.5 | |